# Day to Day Current Affairs

10.Dec 2015

## ૧. હાર્ટ ઓફ એશિયા સમિટ - 2015 :

- ત્રાસવાદ ડામવાના નિર્ધાર સાથે અફઘાનિસ્તાન અંગેની પાંચમી 'હાર્ટઓફ એશિયા સમિટનું' સમાપન થયું.
- બે દિવસીય આ સમિટનું આયોજન ઇસ્લામાબાદ, પાકિસ્તાન થયું હતું.
- ભારત તરફથી વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજ આ સમિટમાં ભાગ લેવા ગયા હતાં.
- 2011થી શરૂ થયેલ આ સમિટ દર વર્ષે યોજાય છે. અને આગામી 2016માં છઠ્ઠી સમિટ ભારતમાં યોજાશે.
- સભ્ય સંખ્યા : 14 સભ્ય દેશના બનેલ આ સંમેલનને ત્રાસવાદ વિરૂધ્ધના અભિયાનમાં અન્ય 17 દેશ અને 12 પ્રાદેશીક – આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ સપોર્ટ કરે છે.
- આ વર્ષની થીમ : "અરસ-પરસ પાડોશી મિત્રોને સુરક્ષામાં મદદ કરવી"
- અફઘાનિસ્તાન મુદ્દે હાર્ટ ઓફ એશિયા સમિટ શા માટે જરૂરી ?

  - દુનિયાના નકશામાં જગ્યાની દષ્ટિએ એશિયા હાર્ટની જેમ છે.

  - એશિયામાં સ્થિરતા લાવવા અફઘનિસ્તાનમાં સ્થિરતા લાવવી જરૂરી છે કારણા કે હાલના માહોલને જોઇએ તો આતંકવાદનો ઉદભવ અન અને આતંકવાદીઓ જ્યાં શરણ લે છે તેમનો એક દેશ અફઘાનિસ્તાન છે. તાલીબાન પણ અફઘાનિસ્તાનમાં જ ઉદભવ્યુ છે.

  - આ થવા પાછળનું મુખ્ય કારણ રશિયા અને અમેરિકા આ બે દેશ છે.

  - આ બંને દેશોએ પેલા પોતાની તાકાત વધારવા આ દેશ પર કબજો કર્યો અને સ્વાર્થ પુરો થતાં નિસહાય છોડી દીધો.

  - જેના કારણે ત્યાં અપાયેલા હથિયારો જે સુરક્ષા માટે હતાં તેનો ઉપયોગ આતંકવાદ માટે થવા લાગ્યો.

  - આ અરાજકતાને ડામવા અને અફઘાનિસ્તાનને સ્થિર કરવા આ સમિટ યોજાય આ સમિટ યોજાય છે જેનો મુખ્ય મુદ્દો આતંકવાદ વિરોધ હોય છે.

## ૨. ટાઇમ પર્સન ઓફ ધ યર – 2015 :

- જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલ સુપ્રસિધ્ધ ટાઇમ મેગેઝિને પ્રસિધ્ધ કરેલા ટાઇમ પર્સન ઓફ ધ યર 2015નું બિરૂદ જીતી ગયા છે.
- આ સન્માન તેમને બળવા સામે મક્કમતાથી ઉભા રહેવા બદલ, યુરોપને મંદીમાંથી બહાર લાવવા બદલ અને શરણાર્થીઓ માટે જર્મનીના દરવાજા ખોલી નાખવા જેમાં હિંમત ભર્યા કામો માટે આપવામા આવ્યું છે.
- 1927 પછી આ સન્માન મેળવનારા તેઓ ચોથી મહિલા છે.

### પ્રશ્નો

૧.હાર્ટ ઓફ એશિયા સમિટ 2015નું આયોજન ક્યાં થયું ? ..... ઇસ્લામાબાદ, પાકિસ્તાન

૨. હાર્ટ ઓફ એશિયા સમિટની શરૂઆત ક્યારથી થઇ અને આ વખતનો ક્રમ જણાવો? ...... 2011થી, પાંચમો

૩. હાર્ટ ઓફ એશિયા સમિટ દર કેટલા વર્ષે યોજાય છે ? ... એક

૪. ક્યાં દેશને મુખ્ય મુદ્દે લઇ હાર્ટ ઓફ એશિયા સમિટનું આયોજન થાય છે ? ...... અફઘાનિસ્તાન

૫. હાર્ટ ઓફ એશિયા સમિટ 2015ની થીમ જણવો "અરસ-પરસ પાડોશી મિત્રોને સુરક્ષામાં મદદ કરવી"

૬. આગામી છઠ્ઠી હાર્ટ ઓફ એશિયા સમિટ ક્યાં યોજાશે ? ભારત

૭. પાકિસ્તાન ખાતે પાંચમી હાર્ટઓફ એશિયા સમિટમાં ભાગ લેવા ભારત તરફથી કોન ગયું હતું ? .... સુષ્મા સ્વરાજ-વિદેશ પ્રધાન

૮. ટાઇમ પર્સન ઓફ ધ યર 2015નું બિરૂદ કોને મળ્યું ? ... એન્જેલા મર્કેલ (જર્મની ચાન્સેલર)

Vivekanand Academy, Gandhinagar